## સંક્ષિપ્ત સમાચાર

### ફતેપુરા તાલુકાના બલૈયા પ્રાથમિક શાળા ખાતે સ્વછતા કાર્યક્રમ યોજાયો



સુખસરઃ દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં વિકાસ, વિશ્વાસ અને જનકલ્યાણના સફળ ૧૨ વર્ષ પૂર્ણ થવાના અવસરે સમગ્ર દાહોદ જિલ્લામાં તા. ૦૮ થી ૧૪ જૂન દરમિયાન 'સ્વચ્છતા અભિયાન સપ્તાહ'નું આયોજન કરવામાં આવ્યું છે. જે અંતર્ગત દાહોદ જિલ્લાના વિવિધ ગ્રામ્ય-શહેરી વિસ્તારોમાં સફાઈ પર ભાર મૂકવામાં આવી રહ્યો છે. દાહોદ જિલ્લાના ફતેપુરા તાલુકાના બલૈયા પ્રાથમિક શાળા ખાતે રાજ્યમંત્રી રમેશભાઈ કટારાના અધ્યક્ષ સ્થાને સ્વછતા કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.જે દરમ્યાન મંત્રીએ શાળા પટાંગણની સફાઈ સ્વ હસ્તે કરીને સૌને સ્વચ્છતાનો સંદેશો પાઠવ્યો હતો. આમ,આ સ્વચ્છતા સપ્તાહ 'સ્વચ્છ ભારત'ના સંકલ્પને સાર્થક કરવામાં સહાયરૂપ બની રહ્યું છે.

### સ્થાનિક નેતાઓ દ્વારા સરકારમાં રજૂઆત કરવામાં આવે તેવી માગ

# ગોધરામાં રેલવે પાર્સલ ઓફિસ બંધ કરાતાં વેપારીઓ અને જનતા ત્રસ્ત




(પ્રતિનિધિ) સિંગવડ તા.8

ગોધરા રેલવે સ્ટેશન ખાતેની પાર્સલ ઓફિસ બંધ કરી દેવામાં આવતા રેલવે પાર્સલની સમગ્ર સુવિધા અટવાઈ પડી છે. જેના કારણે વેપારીઓ અને સામાન્ય જનતાને ભારે હેરાનગતી વેઠવી પડી રહી છે. રેલવે દ્વારા જે પાર્સલો મુંબઈ અમદાવાદ સુરત ઈન્દોર વગેરે જગ્યાથી મંગાવતા વેપારીઓને માલ મેળવવા વડોદરા અથવા દાહોદ સ્ટેશને જવું પડે છે અને ત્યાંથી ટ્રાન્સપોર્ટ મારફતે ગોધરા લાવવું પડે છે. પરિવહન ખર્ચ 2થી 3 ગણો વધી જતાં નાના વેપારીઓને મોટું આર્થિક નુકસાન થઈ રહ્યું છે. ઘરવખરી, કાપડ, ઈલેક્ટ્રોનિક્સ સહિતનું સામાન મંગાવતી આમ જનતાને પણ પાર્સલ માટે બહારના સ્ટેશને ધક્કા ખાવા પડી રહ્યા છે. આ મુદ્દે કેન્દ્ર તથા રાજ્ય સરકારના રાજકીય નેતાઓ દ્વારા આ પાર્સલ ઓફિસ તાત્કાલિક ચાલુ કરવા માટે સરકારમાં રજૂઆત કરવામાં આવે તેવી લોકોની પ્રબળ માંગ ઉઠવા પામી છે.

લોકોનું કહેવું છે કે ગોધરા જેવા મોટા સ્ટેશન પર પાર્સલ સુવિધા બંધ થવાથી સ્થાનિક અર્થતંત્ર અને રોજિંદા જીવન પર સીધી અસર પડી રહી છે.

અત્રે ઉલ્લેખનીય છે કે પંચમહાલ જિલ્લામાં ગોધરા વડુ મથક તરીકે ગણાય છે આ ઉપરાંત ગોધરા વડોદરા લુણાવાડા દાહોદ સેન્ટ્રલ જોડે સંકળાયેલું છે તેમ છતાં પણ રેલ્વે વિભાગ દ્વારા પાર્સલ ઓફિસ બંધ કરતા વ્યાપારી વર્ગમાં ભારે રોસ જોવા મળી રહ્યો છે. એક તરફ પંચમહાલ જિલ્લામાંથી રાજકારણમાં મોટા માથાઓ હાલમાં સરકારોમાં છે તેમ છતાં પણ કોઈ પણ રાજકારણી નેતા ગોધરા રેલવે પાર્સલ ઓફિસને બંધ થતાં અટકાવી શક્યું નથી અચાનક રેલવે પાર્સલ ઓફિસ બંધ થતા ગોધરાની જનતામાં અનેક જાતના તર્ક વિતર્કો જોવા મળી રહ્યા છે

### સાથરોટાની જનકલ્યાણ શિબિરમાં કલેક્ટરની ઉપસ્થિતિ

હાલોલ : વડાપ્રધાન નરેન્દ્ર મોદીના શાસનકાળના ૧૨ વર્ષ પૂર્ણ થવાના અવસરે સમગ્ર ગુજરાત રાજ્યમાં 'વિશ્વાસ, વિકાસ અને જનકલ્યાણ'ના મંત્ર સાથે વિવિધ કાર્યક્રમો યોજાઈ રહ્યા છે. જેના ભાગરૂપે પંચમહાલ જિલ્લામાં પણ 'પ્રગતિપથ યાત્રા' આગળ વધી રહી છે. આ યાત્રાના દ્વિતીય તબક્કા અંતર્ગત આજરોજ પંચમહાલ જિલ્લા કલેક્ટર અજય દહિયાએ હાલોલ વિસ્તારની વિશેષ મુલાકાત લીધી હતી. જિલ્લા કલેક્ટર અજય દહિયાએ પોતાના પ્રવાસ દરમિયાન હાલોલ સ્થિત પ્રખ્યાત સાંસ્કૃતિક વન 'વિરાસત વન'ની મુલાકાત લઈ વનની પ્રકૃતિ અને વ્યવસ્થાઓનું નિરીક્ષણ કર્યું હતું.ત્યારબાદ, તેઓ હાલોલ તાલુકાના સાથરોટા ગામ ખાતે આયોજિત 'જનકલ્યાણ શિબિર'માં ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

### તાલુકા નિવૃત કર્મચારી સેવા મંડળ સિંગવડની નવીન કારોબારીની રચના



સીંગવડ : ભમરેચી માતાજી પરિસરમાં આવેલા શિવમંદિરે "સીંગવડ તાલુકા નિવૃત કર્મચારી સેવા મંડળ"ની સામાન્ય સભા દાહોદ જિલ્લા નિવૃત કર્મચારી એજ્યુકેશન ટ્રસ્ટના પ્રમુખ રતનસિંહ રાઠોડના અધ્યક્ષસ્થાને યોજાઈ હતી. સભામાં આગામી ત્રણ વર્ષ માટે નવી કારોબારીની સર્વાનુમતે વરણી કરવામાં આવી હતી. મનસુખભાઈ ટીહાભાઈ પ્રમુખ, દેવચંદભાઈ પ્રજાપતિ ઉપપ્રમુખ, રણા ઝવરાભાઈ મંત્રી અને બાબુભાઈ બારીયા ખજાનચી તરીકે પસંદ થયા હતા. ટ્રસ્ટના ઉપપ્રમુખ છગનભાઈ બામણીયાએ પેન્શનરોના પ્રશ્નો, આરોગ્ય યોજનાઓ તથા PMJAY કાર્ડ અંગે માર્ગદર્શન આપ્યું હતું. સભામાં 103 જેટલા આજીવન સભ્યો હાજર રહ્યા હતા. નવી કારોબારીને શુભેચ્છાઓ પાઠવી સભાનું સમાપન કરવામાં આવ્યું હતું.અધ્યક્ષ રતનસિંહ રાઠોડે પેન્શનરોના હિતોનું રક્ષણ કરવા મંડળ સતત કાર્યરત રહેશે તેવી ખાતરી આપી હતી. ઉપરાંત પેન્શન અવિરત ચાલુ રહે તે માટે સમયસર જીવન પ્રમાણપત્ર રજૂ કરવાની અપીલ કરી હતી. આગેવાન નીરુભાઈ પટેલે સ્વસ્થ જીવનશૈલી, નિયમિત વ્યાયામ અને સંતુલિત આહાર અંગે માર્ગદર્શન આપ્યું હતું.

### ફતેપુરા તાલુકા ભાજપમાં ભડકો

# સત્તા ટકાવવા અપક્ષનો ટેકો લેતા પક્ષના વફાદાર કાર્યકરોમાં આક્રોશ

(પ્રતિનિધિ) દાહોદ તા.8

ફતેપુરા તાલુકા પંચાયતના રાજકારણ મા એકા એક ગરમાવો આવી ગયો છે. પ્રમુખ અને ઉપપ્રમુખની ચૂંટણી બાદ ભાજપ સંગઠનમાં આંતરિક વિખવાદ થયો હોવાની વિગતો સપાટી પર આવી રહી છે. ભાજપ સામે બળવો કરી અપક્ષ માંથી ચૂંટણી લડી ચુંટાયેલા ઉમેદવારનો ટેકો લેવાના મુદ્દે સ્થાનિક ભાજપમાં વિવાદનો વંટોળ ઊભો થયો છે. જેને કારણે પક્ષના વફાદાર કાર્યકરોમાં ભારે આકોશ જોવા મળી રહ્યો છે. ફતેપુરા તાલુકા પંચાયતની પ્રમુખ ઉપપ્રમુખની ચૂંટણીમાં ભાજપને સલરા-૧ બેઠકના અપક્ષ ઉમેદવાર અજય પારગીનો ટેકો મળ્યો હતો. ભાજપે ટિકિટ ન આપતા અજય પારગીએ અગાઉ ભાજપ સામે જ બળવો કરીને અપક્ષ ઉમેદવારી નોંધાવી હતી અને અપક્ષ ઉમેદવાર તરીકે ચૂંટણી લડી જીત મેળવી હતી. હવે સત્તા મેળવવા કે ટકાવી રાખવા માટે પક્ષ સાથે ગદારી કરનાર આવા બળવાખોર ઉમેદવાર ને સાચવવાના ભાજપના સ્થાનિક નેતાઓ અને કાર્યકરો સામ સામે આવી ગયા છે.

આંતરિક વિખવાદ અને બોલાચાલીનો વિડીયો વાયરલ થયો છે. આ ખેચતાણ એટલી હદે વધી ગઈ છે કે, ભાજપના સ્થાનિક નેતાઓ અને અપક્ષ ઉમેદવાર અજયપારગી વચ્ચે આંતરિક ઘર્ષણ થયું હોવાના અહેવાલ છે. આ સમગ્ર ઘટવાનો એક વિડીયો પણ સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યો છે. જેણે ભાજપની આંતરિક શિસ્તના લીરેલીરા ઉડાડયા છે. વફાદાર કાર્ય કરો. ખુલ્લેઆમ સવાલ ઉઠાવી રહ્યા છે કે, શું સત્તા ટકાવવા માટે પક્ષે આટલી હદે મજબુરી બતાવવી પડે? એવો તેવો મોટો મુદ્દો હાલ વિપક્ષના હાથમાં આવી ગયો છે. ભાજપના આ આંતરીક કલહ અને જૂથબંધીના કારણે વિપક્ષ ને બેઠા બેઠા મોટો રાજકીય મુદ્દો મળી ગયો છે.ભાજપ ના સત્તા લાલસા પર આકરા પ્રહારો કરી રહ્યો છે. હવે જોવાનું એ રહેશે કે, શું ભાજપ હાઈકમાન્ડ આ બળવાખોર ઉમેદવારને સાચવી રાખશે કે પછી પક્ષ માટે તનતોડ મહેનત કરનારા વફાદાર કાર્યકરોના રોષને શાંત કરવા કોઈ મોટો નિર્ણય લેશે? આ વિવાદ આગામી દિવસો માં સ્થાનિક રાજકારણમાં કેવો વળાંક બેશે તેના પર સૌની નજર મંડાયેલી છે.

### હાલોલમાં ૧૮મીએ જિલ્લાકક્ષાની વાઈબ્રન્ટ સમિટ યોજાશે

હાલોલ : ગુજરાત સરકાર દ્વારા મધ્ય ગુજરાત ઝોન માટે યોજાનારી 'વાઈબ્રન્ટ ગુજરાત કોન્ફરન્સ' અંતર્ગત પંચમહાલ જિલ્લામાં આગામી તારીખ ૧૮ જૂન ૨૦૨૬ના રોજ જિલ્લા કક્ષાની વાઈબ્રન્ટ સમિટ કાર્યક્રમનું આયોજન કરાયું છે.હાલોલ સ્થિત પોલિકેબ ઈન્ડિયા લિમિટેડના કોન્ફરન્સ હોલ ખાતે પંચમહાલ જિલ્લાના પ્રભારી મંત્રી રમેશભાઈ કટારાના અધ્યક્ષસ્થાને યોજા નારા આ કાર્યક્રમના સુ ચારૂ આયોજન અને સફળ અમલીકરણ માટે આજે પંચમહાલ જિલ્લા કલેક્ટર અજય દહિયાના અધ્યક્ષસ્થાને કલેક્ટર કચેરીના સભાખંડમાં તમામ અમલીકરણ અધિકારીઓની બેઠક યોજાઈ હતી. બેઠક દરમિયાન જિલ્લા કલેક્ટરે કાર્યક્રમને સફળ બનાવવા વિવિધ અધિકારીઓને માર્ગદર્શન આપી કામગીરીનું વિગતવાર આયોજન કરી જરૂરી સૂચનાઓ આપી હતી.

### અડાદરા ગામમાં હિટ એન્ડ રનની ઘટના

# ઈક્કોના ચાલકે રાહદારીને ટક્કર મારી ઈજા પહોંચાડી

(પ્રતિનિધિ) કાલોલ તા.8

કાલોલ તાલુકાના અડાદરા રોડ પર સળકા બસસ્ટેન્ડ નજીક રહેતા અને વ્યવસાએ ડ્રાઈવિંગ કરતા વનરાજસિંહ મોહનસિંહ પરમાર (ઉં.વ. ૩૫) ગત તારીખ ૨૯/૦૫/૨૦૨૬ના રોજ સવારે પોતાના ૮ વર્ષના દીકરા કુલદીપ સાથે અડાદરા બજારમાં વાળ-દાઢી કરાવવા તેમજ શાકભાજી ખરીદવા ગયા હતા. સવારે આશરે પોણા દશેક વાગ્યે જ્યારે તેઓ બજારમાંથી ખરીદી કરીને ચાલતા ઘરે પરત ફરી રહ્યા હતા, ત્યારે અડાદરા ગાયત્રી મંદિર નજીક રોડ પર આ અકસ્માત સર્જાયો હતો. અકસ્માત સર્જી ઇક્કો ચાલક ફરાર અડાદરા બસસ્ટેન્ડ તરફથી પુરઝડપે અને બેફામ રીતે આવી રહેલી ઈક્કો ગાડી ના ચાલકે વનરાજસિંહને પાછળથી જોરદાર ટક્કર મારી હતી. ટક્કર એટલી ગંભીર હતી કે વનરાજસિંહ રોડની સાઇડમાં ફેંકાઈ ગયા હતા, જ્યારે તેમની સાથે રહેલા માસૂમ દીકરા કુલદીપનો આબાદ બચાવ થયો હતો. અકસ્માત થતાં જ આસપાસના લોકો દોડી આવ્યા હતા, જેથી પકડાઈ જવાના ડરે ઈક્કો ગાડીનો ચાલક વાહન લઈને ઘટનાસ્થળેથી નાસી છૂટ્યો હતો. સ્થાનિક લોકોએ ઈજાગ્રસ્ત વનરાજસિંહને ઉંચકીને નજીકના ગલ્લા પાસે લાવ્યા હતા અને ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે પ્રથમ ગોધરા સરકારી હોસ્પિટલ ખસેડ્યા હતા. પ્રાથમિક સારવાર બાદ તેઓ ઘરે પરત ફર્યા હતા, પરંતુ બે દિવસ પછી ડાબા હાથે અસહ્ય દુખાવો ઉપડતા તેમને વડોદરા સરકારી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં કાંડાના ભાગે ફેક્ચર હોવાનું નિદાન આવ્યું હતું.

### દાહોદ સાંસદ જસવંતસિંહ ભાભોર પ્રાથમિક આ. કેન્દ્ર,નગરાળાની મુલાકાતે



દાહોદઃ દાહોદ સાંસદ જસવંતસિંહ ભાભોરએ દાહોદ તાલુકાના પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર, નગરાળાની શુભેચ્છા મુલાકાત લીધી હતી. મુલાકાત દરમિયાન તેમણે આરોગ્ય કેન્દ્ર પરિસરમાં સ્વચ્છતા અભિયાનમાં સહભાગી બની સ્વચ્છતા અંગે જનજાગૃતિનો સંદેશ આપ્યો હતો. સાંસદ એ આરોગ્ય કેન્દ્ર ખાતે ઉપલબ્ધ વિવિધ આરોગ્ય સેવાઓની સમીક્ષા કરી હતી. તેમણે માતા અને બાળ આરોગ્ય સેવાઓ, નિયમિત રસીકરણ, રાષ્ટ્રીય આરોગ્ય કાર્યક્રમો, દર્દીઓને આપવામાં આવતી સારવાર અને અન્ય આરોગ્ય સુવિધાઓ અંગે વિગતવાર માહિતી મેળવી હતી. આરોગ્ય કેન્દ્રની કામગીરી અંગે સંતોષ વ્યક્ત કરતાં તેમણે આરોગ્ય સેવાઓને વધુ ગુણવત્તાયુક્ત અને અસરકારક બનાવવા માટે જરૂરી માર્ગદર્શન આપ્યું હતું.

### પત્નીની છેડતીનો બદલો લેવા યુવાનની હત્યા કરી, કરણની શોધખોળ

# કલાલી હત્યાકાંડમાં મુખ્ય આરોપી દર્શન મારવાડીની ધરપકડ કરાઈ

(પ્રતિનિધિ) વડોદરાતા.8

અટલાદરા વિસ્તારમાં રહેતા મૃતક ગિરીશભાઈ ભાલીયાની પત્ની પૂજાબેન ભાલીયાએ અટલાદરા પોલીસ સ્ટેશનમાં નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું છે કે તા. 29 એપ્રિલ, 2026ના રોજ અમદાવાદ જિલ્લાના દહેગામ ખાતે પરિવારના લગ્ન પ્રસંગ દરમિયાન દર્શન મારવાડીએ તેમની છેડતી કરી હતી. ઘટનાની જાણ થતાં પરિવારજનો અને સમાજના આગેવાનો સમક્ષ પંચાયત બોલાવવામાં આવી હતી, જેમાં દર્શન મારવાડીએ પોતાની ભૂલ સ્વીકારી હતી. આ ઘટનાને કારણે તેને સમાજમાં અપમાનનો સામનો કરવો પડ્યો હતો. આ જ રોષ મનમાં રાખીને ગત 3 જૂનની રાત્રે કલાલીના ગોકુળનગર પાછળ આવેલા મેદાનમાં યોજાયેલા માતાજીના માંડવા દરમિયાન દર્શન મારવાડીએ ગિરીશ ભાલીયાને નિશાન બનાવ્યો હતો. કાર્યક્રમ પૂર્ણ થયા બાદ ગિરીશભાઈ પાણી લેવા સ્ટોલ પાસે ઊભા હતા ત્યારે દર્શન અને કરણ મારવાડી કારમાં ત્યાં પહોંચ્યા હતા. બંનેએ ગિરીશભાઈ સાથે ઝઘડો શરૂ કર્યો હતો. પહેલા મુક્કામાર અને ચાવી વડે હુમલો કર્યા બાદ દર્શન મારવાડીએ ચપ્પુ કાઢી ગિરીશભાઈના પેટ અને બંને જાંઘના ભાગે અનેક ઘા ઝીંક્યા હતા. ગંભીર રીતે ઘાયલ થયેલા ગિરીશભાઈને સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા, પરંતુ એસ.એસ.જી. હોસ્પિટલમાં તબીબોએ તેમને મૃત જાહેર કર્યા હતા. ઘટના બાદ બંને આરોપીઓ ફરાર થઈ ગયા હતા. પોલીસે તેમની શોધખોળ માટે વિશેષ ટીમો બનાવી હતી. ACP અશોક રાઠવાના જણાવ્યા મુજબ, આરોપી દર્શન મારવાડી ઘટનાના બાદ પાદરા, ખોડિયારનગર, વાપી અને ત્યારબાદ મુંબઈમાં અલગ-અલગ સ્થળોએ છુપાતો ફરતો હતો. જોકે, તે ફરી વડોદરા પરત ફરતો હોવાની ચોક્કસ બાતમીના આધારે ક્રાઈમ બ્રાન્ચે કપુરાઈ વિસ્તારમાંથી તેને ઝડપી પાડ્યો હતો.બીજા આરોપી કરણની શોધખોળ તેજ કરાઈ છે.

### બાઇક પર ઘરે જઇ રહ્યાં હતાં રસ્તામાં બનાવ બન્યો

# ધાનપુર મામલતદાર કચેરીના કર્મીનું હાર્ટએટેકથી કરૂણ મોત

(પ્રતિનિધિ) દાહોદ તા.8

ધાનપુર મામલતદાર કચેરીમાં ફરજ બજાવતા એક કર્મચારીનું ચાલુ બાઈકે અચાનક હૃદય રોગનો હુમલો.થતા મોત નીપજ્યું હતું એકાળે થયેલા આ અવસાનથી મામલતદાર કચેરીના સ્ટાફ સહિત સમગ્ર પંથકમાં ભારે શોખની લાગણી વ્યાપી જવા પામી છે.



૪૭ વર્ષીય રાજુભાઈ કેશવભાઈ ભૂરા ધાનપુર ના મામલતદાર કચેરીમાં વફાદારી પૂર્વક પોતાની ફરજ બજાવતા હતા. રોજ બરોજની જેમ તેઓ ધાનપુર ખાતેથી પોતાની ફરજ પૂર્ણ કરીને પોતાની મોટર સાયકલ પર બેસી પરત નાંઠવા ગામે પોતાના ઘરે જઈ રહ્યા હતા. તે સમય દરમિયાન પસાર થઈ રહ્યા હતા ત્યારે તેઓ વાસિયા ડુંગરી ગામ નજીક છાતીમાં અસહ્ય દુઃખાવો ઉપડયો હતો. અને છાતીમાં દુખાવો વધતા તેઓ ત્યાં જ ઢળી પડયા હતા. આસપાસ ના લોકો તેમજ પરિચિતો દ્વારા પરિસ્થિતિની ગંભીરતાને સમજી સમય બગાડ્યા વિના સારવાર માટે દાહોદની ઝાયડસ હોસ્પિટલ ખાતે લઇ ગયા ત્યાં ફરજ પરના તબીબોએ તપાસી મૃત જાહેર કર્યા હતા. અને મોતનું પ્રાથમિક કારણ હાર્ટ એટેક હોવાનું જણાવ્યું હતું. રાજુભાઈ નું મોત થયું હતું ઘરના મોભીનું મોત નીપજતા પરિવાર પર આભતૂટી પડયું છે.

### બલૈયા ખાતે જનકલ્યાણ શિબિરનું આયોજન કરાયું

સુખસર : દાહોદ જિલ્લામાં આજ રોજ સુખસર તાલુકાના પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર સરસ્વાના સબ સેન્ટર બલૈયા ખાતે જનકલ્યાણ શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું.આ પ્ર સંગે રાજ્ય કક્ષાના મંત્રી રમેશભાઈ કટારા દ્વારા પોર્ટેબલ એક્સ-રે યુનિટની મુલાકાત લઈ આરોગ્ય સેવાઓની કામગીરીની સમીક્ષા કરવામાં આવી હતી.આ મુલાકાત દરમિયાન અધિકારીઓ અને આરોગ્ય ટીમ દ્વારા મંત્રીને પોર્ટેબલ એક્સ-રે યુનિટની કાર્યપદ્ધતિ, ટીબી (ક્ષયરોગ) સ્ક્રીનિંગની પ્રક્રિયા તેમજ સ્થળ પર જ એક્સ-રે સેવાઓ કેવી રીતે પૂરી પાડવામાં આવે છે.તેની વિગતવાર માહિતી આપવામાં આવી હતી. મંત્રીએ ટીમ દ્વારા કરવામાં આવતી કામગીરીની પ્રશંસા કરી હતી

### લીમખેડાનો "હડફ બ્રિજ'વાહનવ્યવહાર માટે બંધ, ૩૧ ઓગસ્ટ સુધી ડાયવર્ઝન

લીમખેડા : લીમખેડા અમદાવાદ-બાલાસિનોર-સેવાલિયા-ગોધરા-દાહોદ- ઈન્દોર રોડ (એન.એચ. ૪૭ લીમખેડા લિંક રોડ) પર આવેલા ૬૧ વર્ષ જૂનો 'હડફ બ્રિજ સમારકામ માટે આગામી ૩૧ ઓગસ્ટ ૨૦૨૬ સુધી તમામ પ્રકારના વાહનો માટે બંધ કરવામાં આવ્યો છે. માર્ગ અને મકાન વિભાગ દ્વારા બ્રિજના એક્સપાનશન જોઈન્ટ, વીયરિંગકોટ અને પેરાપેટની કામગીરી હાથ ધરવામાં આવનાર હોવાથી, સુરક્ષા અને ટ્રાફિક નિયમનને ધ્યાને રાખીને દાહોદના અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ જે. એમ. રાવલ દ્વારા એક જાહેરનામું બહાર પાડીને વાહનવ્યવહાર પર પ્રતિબંધ અને ડાયવર્ઝન લાગુ કરવામાં આવ્યું છે.વાહનચાલકો માટે વૈકલ્પિક માર્ગોની વ્યવસ્થા:આ સમય ગાળા દરમિયાન કામગીરી સાથે સંકળાયેલા વાહનો સિવાયના તમામ વાહનો માટે નીચે મુજબના ડાયવર્ઝન રૂટ નક્કી કરવામાં આવ્યા છે: રૂટ ૧: અમદાવાદ-બાલાસિનોર સેવાલીયા-ગોધરા -દાહોદ-ઈન્દોર નેશનલ હાઈવે (લીમખેડા બાયપાસ) થી વટેડા - લીમખેડા થઈને ઝાલોદ તરફ જઈ શકાશે.- અન્ય રૂટ લીમખેડા - ઉમરિયા ધાનપુર રોડ (લીમખેડા બાયપાસ) થી વટેડા-લીમખેડા થઈને ઝાલોદ તરફ જઈ શકાશે. આ જાહેરનામાનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર વ્યક્તિ સામે ભારતીય ન્યાય સંહિતા ૨૦૨૩ ની કલમ ૨૨૩ તથા ગુજરાત પોલીસ અધિનિયમની કલમ ૧૩૧ મુજબ કાયદેસરની કડક કાર્યવાહી કરવામાં આવશે. આ અંગે ફરિયાદ દાખલ કરવા માટે દાહોદ જિલ્લાના પોલીસ કોન્સ્ટેબલ અને તેનાથી ઉચ્ચ કક્ષાના તમામ પોલીસ અધિકારીઓને અધિકૃત કરવામાં આવ્યા છે.

### વાડોદર ગામે યુવકે ગળે ફાંસો ખાઈ જીવતર ટૂંકાવ્યું

દાહોદ : દેવગઢબારિયા તાલુકાના વાડોદર ગામના ૪૩ વર્ષીય યુવકે કોઈ અગમ્ય કારણોસર આંબાના ઝાડની ડાળીએ દોરડું બાંધી ગળે ફાંસો ખાઈ જીવતર ટૂંકાવી લીધાનું સત્તાવાર રીતે જાણવા મળ્યુંછે. પ્રાપ્ત વિગત અનુસાર દેવગઢ બારિયા તાલુકાના વાડોદર ગામના મંદિર ફળિયામાં રહેતા ૪૩ શંકરભાઈ લક્ષ્મણભાઈ બારીયાએ કોઈ અગમ્ય કારણોસર પરમદિવસ તારીખ ૧૦-૬-૨૦૨૬ ના રોજ રાત્રિના સાડા બાર વાગ્યાથી સવારમાં સાત વાગ્યા સુધીના સમય ગાળામાં કોઈપણ વખતે પોતાના જ ગામના ખેડી ફળિયામાં ખેતરમાં આવેલ આંબાના ઝાડની ડાળીએ દોરડું બાંધી ગળે ફાંસો ખાઈ જીવતર ટુંકાવી લીધું હતું. આ સંબંધે પોલીસે અકસ્માત મોતના ગુનાના કાગળિયા કરી આગળ વધુ તપાસ હાથ ધરી છે.

### બાઇક પર ઘરે જઇ રહ્યાં હતાં રસ્તામાં બનાવ બન્યો

# કાલોલ ખાતે જન કલ્યાણ શિબિરનું આયોજન કરાયું



(પ્રતિનિધિ) કાલોલ તા.8

ભારત દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીજીના નેતૃત્વમાં કેન્દ્ર સરકારની વિકાસ, વિશ્વાસ અને જનકલ્યાણની ભવ્ય સફરના બાર વર્ષ પૂર્ણ થવાના અવસરે કાલોલ નગરપાલિકાના કોમ્યુનિટી હોલ ખાતે 'જન કલ્યાણ શિબિર'નું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં કાલોલના ધારાસભ્ય ફતેસિંહ ચૌહાણની વિશેષ ઉપસ્થિતિમાં યોજાઇ હતી. આ શિબિરમાં આયુષ્માન કાર્ડ, પેન્શન યોજના, આવાસ યોજના, ઉજ્જવલા યોજના સહિત અનેક સેવાઓ અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. સાથે જ લાભાર્થીઓની અરજીઓની પ્રક્રિયા પણ એક જ સ્થળે પૂર્ણ કરવામાં આવી, જેથી નાગરિકોને કચેરીના ધક્કા ખાવા ન પડે. કાર્યક્રમમાં કાલોલ મામલતદાર વિકાસભાઈ પટેલ સહિત અગ્રણી ઉપસ્થિત રહ્યાં હતાં.

### વાવાઝોડામાં મકાન ધરાશાયી થતાં આદિવાસી પરિવારની દીકરીનું મોત થયું હતું

# ફતેપુરીની દીકરીના પરિવારને ચાર લાખ રૂપિયાની સહાયનો ચેક અર્પણ

(પ્રતિનિધિ) કાલોલ તા.8



થોડા દિવસો અગાઉ આવેલા વિનાશક વાવાઝોડા દરમિયાન કાલોલ તાલુકાના ફતેપુરી ગામના એક મકાન ધરાશાયી થવાની કમનસીબ ઘટના સામે આવી હતી. આ દુર્ઘટનામાં એક માસૂમ દીકરી પેલુ ફળિયામાં રહેતા સુરેશભાઈ નરવતભાઈ રાઠોડની ૧૪ વર્ષીય પુત્રી ભાવનાબેન ગંભીર રીતે ઈજાગ્રસ્ત થઈ હતી. તેને તાત્કાલિક સારવાર અર્થે ખસેડવામાં આવી હતી, પરંતુ સારવાર દરમિયાન તેનું દુઃખદ અવસાન થતાં સમગ્ર પંથકમાં ભારે અરેરાટી અને શોકની લાગણી વ્યાપી ગઈ હતી.આ દુઃખદ ઘટનાના અનુસંધાને આજે કાલોલ વિધાનસભાના ધારાસભ્ય ફતેસિંહ ચૌહાણના માર્ગદર્શન હેઠળ પીડિત પરિવારને આર્થિક ટેકો પૂરો પાડવા માટે સરકાર તરફથી મળવાપાત્ર સહાયરૂપે 4,00,000 (ચાર લાખ રૂપિયા) નો ચેક એનાયત કરવામાં આવ્યો હતો. પરિવારના આ મુશ્કેલ સમયમાં સાંત્વના આપવા અને સહાયનો ચેક અર્પણ કરવા માટે ફતેપુરી ગામે ખાસ મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા, જેમાં જયપાલસિંહ દિલીપસિંહ રાઠોડ (પ્રમુખ, કાલોલ તાલુકા પંચાયત),તાલુકા વિકાસ અધિકારી, કાલોલ તાલુકા મદદનીશ ઈન્ચાર્જ,ગ્રામ્ય વિકાસ અધિકારી ઉપરોક્ત તમામ પદાધિકારીઓ અને વહીવટી અધિકારીઓએ સાથે મળીને દિવંગત દીકરીના શોકાતુર પરિવારજનોને રૂબરૂ મળી ચેક અર્પણ કર્યો હતો અને સરકાર તરફથી શક્ય તમામ મદદની ખાતરી આપી હતી.